# ભટ્ટીવંશ

જેસંગના ત્રણ પુત્રો હતા. તેમાં અજયરાજ અને વિજયરાજ નાના હતા. અને તેની મા ઓરમાન હતી. મોટો પુત્ર વિજયરાજ જ્યારે ગાદીએ આવ્યો ત્યારે ઓરમાન ભાઈઓની બરાબર આગતાસ્વાગતા ન કરવાથી, બંને ભાઈઓ કરેલી ગામ મૂકી ત્યાંથી સાત ગાઉ દૂર અરણ્યમાં ચાલ્યા ગયા.

દંતકથા એમ કહે છે જે, ત્યાં અંબાજીનું મંદિર હતું. અને તેઓ અંબામાને શરણે આવ્યા. પણ એક વર્ષના તપ પછી પણ અંબામા પ્રસન્ન ન થયા, એટલે તેઓ ત્યાં પોતાના માથા ભટ્ટીમાં હોમવા તૈયાર થયા, એટલે માતાજીએ પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું - ત્યારે બંને ભાઈઓ બોલ્યા કે ''અમે ક્ષત્રિયકુળમાં અવતર્યા છીએ માટે અમે સ્વતંત્ર રાજ માગીએ છીએ.'' અંબામાએ કહ્યું કે ''તમો ભટ્ટીમાં મસ્તક હોમવા તૈયાર થયા તેથી તમા--રું ભાટી નામ વિખ્યાત કરો. તમે થલીમાં જઈ રાજ વસાવો અને નગર વસાવી રાજ કરો મારા આશિર્વાદથી તમારું કલ્યાણ થશે. આમ અજયરાજને કહ્યું ત્યારબાદ વિજયરાજને મસ્તકે જમણો હાથ મુક્યો અને કહ્યું કે તમે જઈને સૌબીર દેશમાં રાજ કરો. મારું નામ આશાપૂરી દેવી રાખો અને કચ્છ દેશમાં તે નામની મારી પ્રસિદ્ધિ કરો. તમારી જાતનું નામ જાડેજા ધરો અને રણજીત એવા રજપૂતની તમને પ્રાપ્તિ થાઓ. તમે કુટુંબવાળા ત્રણસો ઘર લઈ મનગમતા પશ્ચિમ દેશમાં જાઓ. તમો રોજ મંદિરમાં ઝાડુ કાઢતાં, તેથી જાડેજા નામથી સદા સુખ પામો.''

આ આશિર્વાદ લઈ અજયરાજ થલીમાં ગયો અને જેસલમેર વસાવ્યું. અજયરાજના ત્રણ પુત્રો ભાટી નામથી પ્રખ્યાત થયા.

ભાટીવંશમાં ૭૯ રાજા થયા જેમાં છેલ્લો રાજા જેસંગ જગતનો દિવો હતો. સંવત ૧૨૦૯ ફાગણ સુદ ૧૧ને દિવસે જેસલમેરમાંથી ૨૦૦૦ માણસોએ લડાઈના કારણે હિજરત કરી અને પંજાબના જૂદા જૂદા ગામોમાં વસ્યા.

# ભાટીયાની કથા

પંજાબમાં આવ્યા બાદ દરેક જણા વેપારી બન્યા અને થોડા કાળ બાદ એ લોકોની પોતાની પુત્રી-પુત્રોના લગ્નની ચિંતા થઈ. કારણ કે ખત્રી રીતરિવાજો બધા બંધ થયા હતા અને રજપૂતની રીત પણ રહી નહિ. તેમજ દૂર દેશાવરમાં આવીને પડયા. મુસલમાન રાજમાં જવાય નહિ એટલે બધા વિચાર કરી મુલ્તાન ગયા અને ત્યાં બ્રહ્મ સભા બોલાવી અને આવી રીતે મુલ્તાનમાં બધા ભેગા મળ્યા. ત્યાં બ્રાહ્મણો પાસેથી સલાહ માંગી. આવું સાંભળી, ધર્મ નીતિને અનુસરી મ્યુખ અને મિનાક્ષરાગ્રંથોમાં જોઈ અને ઋષિઓના વાક્યોનો વિચાર કરી બ્રાહ્મણોએ કહ્યુ કે ''૪૯ પેઢીમાં તમારા સંગમાં ગૌત્ર બાંધો. પછી ઉપર જે પેઢી રહે તે સઘળી જાત કહેવાય તેમાંજ સઘળો વ્યવહાર કરવો એમ શાસ્ત્રની આજ્ઞા છે.'' ભાટીયાઓએ વિચાર કર્યો કે જ્યારે ઘણી પેઢી વિતી ગઈ ત્યારે એમાં દોષ નથી. ત્યાંથી નાત પોતાને ઘરે આવી અને અટક બાંધી. ૪૯ પેઢી કાપી જે રહી તે જાત, ત્યાં તેમણે ગામ, નામ અને કૃત્યથી વિખ્યાત નુખ બાંધી. આવી રીતે ભાટીયાઓની નુખ પ્રસિદ્ધ છે.